અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને વર્ષ ૨૦૨૦-૨૧માં સીધા ધિરાણ યોજના હેઠળ ફાળવેલ રૂ.૧૦૦૦.૦૦ લાખની યોજનાઓને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-સકવ/૧૦૨૦૨૧/૧૯૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૭/૦૩/૨૦૨૧.

**વંચાણમાં લીધા:-**

(૧) વિભાગનો તા:૦૮/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૦/૪૨૨૯૨/જ.
(૨) વિભાગનો તા:૧૭/૦૩/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: સકવ/૧૦૨૦૨૦/૯૦૪૦૯/જ.
(૩) વિભાગનો તા:૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઇલ)/જ.
(૪) નાણાં વિભાગનો તા:૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક:જનવ/૧૦/૨૦૧૯/૪૭૪/અ.
(૫) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૬/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ગુસકાવિનિ/ યોજના /૨૦૨૦-૨૧/પ્રો(૧)/૩૬૭૩-૩૬૭૪.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક – (૧) પરના તા:૦૮/૦૭/૨૦૨૦ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૨૦-૨૧માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે રૂ.૨૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જે પૈકી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને રૂ.૧૦૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ હતા.

જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક – (૫) પરના તા:૦૬/૦૩/૨૦૨૧ના પત્રથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક –(૨) તા:૧૭/૦૩/૨૦૨૦ના ઠરાવ થી મંજૂર કરવામાં આવેલ યોજનાઓ મુજબની જ યોજનાઓને વર્ષ ૨૦૨૦-૨૧ માટે તે જ વ્યાજ દર પ્રમાણે મંજૂર કરી આપવાની દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:-

૧. પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને નીચે મુજબની યોજનાઓને કોષ્ટકની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે:-

| ક્ર | યોજના | યુનિટ | યુનિટ કોસ્ટ (રૂપિયા) | ચાલુ વર્ષે આવરી લેવાનાં થતાં લાભાર્થી સંખ્યા | ધિરાણની કુલ રકમ (કરોડમાં) | વ્યાજનો દર | દંડનીય વ્યાજ | લોનની પરત ચુકવણીનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જીપ-ટેક્ષી | ૧ | ૮,૦૦,૦૦૦ | ૫૦ | ૪.૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૨ | પેસેન્જર ઓટોરીક્ષા | ૧ | ૨,૦૦,૦૦૦ | ૫૦ | ૧.૦૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| 3 | મહિલા અધિકારીતા યોજના | ૧ | ૧,૦૦,૦૦૦ | ૮૦ | ૦.૮૦ | ૬% | ૨% | ૫ વર્ષ |
| ૪ | મહિલા સમૃદ્ધિ યોજના | ૧ | ૬૦,૦૦૦ | ૩૫૦ | ૨.૧૦ | ૪% | ૨% | ૩ વર્ષ |
| ૫ | માઈક્રો ક્રેડિટ ફાઈનાન્સ યોજના | ૧ | ૬૦,૦૦૦ | ૩૫૦ | ૨.૧૦ | ૫% | ૨% | ૩ વર્ષ |

અ. રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવ મુજબની રહેશે.

બ. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણીની તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નક્કી કરવાના રહેશે અને નિગમ દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.

ક. નાણાં વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનું તેમજ નાણાં વિભાગના વખતો વખતની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

૨. **યોજનાનો લાભ લેવા માટે અરજદાર નીચે જણાવેલ યોગ્યતા/પાત્રતા ધરાવતા હોવા જોઇએ:-**

1. મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા સફાઇ કામદાર કે તેમના આશ્રિત હોય તેવી વ્યક્તિઓ આ લોન મેળવવાપાત્ર થાય છે.
2. અરજદાર સફાઇ કામદાર કે તેમના આશ્રિતની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

3. અરજદારે કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇ પણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.
4. બી.પી.એલ./વિધવા/ત્યક્તા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.
5. વાહન માટે અરજી કરનાર જાહેરાતની તારીખે વાહન ચલાવવાનું લાયસન્સ તથા ઓથોરાઇઝડ બેઇઝ ધારણ કરતાં હોવા જરૂરી છે.
6. સમયસર હપ્તા ન ભરનાર લાભાર્થી પાસેથી ૨% દંડનીય વ્યાજ લેવામાં આવશે.
7. મહિલા સમૃદ્ધિ યોજના અને માઈક્રો ક્રેડિટ ફાઈનાન્સ યોજનામાં લાભાર્થીને ચુકવણું કરવું, જ્યારે સીધા ધિરાણ યોજનામાં લાભાર્થીએ રજુ કરેલ કવોટેશન મુજબનાં વિક્રેતાને ચુકવણું કરવું
8. ધિરાણ મેળવ્યા બાદ રૂા. ૧.૦૦ લાખ સુધીનાં ધિરાણ કેસમાં ત્રણ વર્ષના એક સરખા માસિક હપ્તામાં લોન લાભાર્થીએ પરત ભરવાની રહેશે અને રૂા. ૧.૦૦ લાખથી ઉપરનાં ધિરાણમાં (પાંચ) વર્ષનાં એક સરખા માસિક હપ્તામાં લોન લાભાર્થીએ પરત ભરવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી( સા.ન્યા.)ની તા:૦૯/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડૉ. રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અ.મુ. સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
9. સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
10. પસંદગી ફાઇલ- ૨૦૨૧.